15 લોકશાહીમાં સમાનતા

P8A4J5

ભારત એક લોકશાહી દેશ છે. વિશ્વમાં સૌથી મોટી લોકશાહી ધરાવતા આપણા દેશના સંચાલન માટે બંધારણની રચના કરવામાં આવી છે. બંધારણ દેશનું સંચાલન કરવા માટેની માર્ગદર્શિકા કહેવાય. વિશ્વમાં સૌથી મોટું લેખિત બંધારણ ભારતનું છે. ભાષા, જાતિ, ધર્મ અને આર્થિક અસમાનતા વચ્ચે દેશનું સુચારુ સંચાલન થાય આ માટે બંધારણમાં અનેક જોગવાઈ કરેલી છે. આપણો દેશ એટલો વિશાળ અને ભિન્નતા ધરાવતો દેશ છે કે તેના સંચાલનમાં વિશેષ પ્રકારની વ્યવસ્થા ન હોય તો સંચાલન યોગ્ય રીતે થતું નથી.

આપણા દેશમાં આર્થિક, સામાજિક અને ધાર્મિક ભિન્નતા હોવા છતાં સૌને સમાન તક મળી રહે તે માટે આપણું બંધારણ તૈયાર કરનાર સૌએ ધ્યાન રાખ્યું છે.

સમાનતા એટલે શું ?

ભારતના બંધારણમાં સૌને સમાન તક આપવાનું ઠરાવવામાં આવ્યું છે. આ સમાનતા એટલે સૌ સમાન, સૌને સન્માન એ આશય સાથે સરકાર બંધારણ મુજબ કાર્યરત છે. સૌને સમાન અધિકાર એટલે કાયદા સમક્ષ સમાનતા અને કાયદાનું સમાન રક્ષણ.


કાયદા આધારે સમાનતા

ભિન્ન-ભિન્ન ધર્મની વ્યક્તિઓમાં સમાનતા	વ્યક્તિગત વિકાસમાં સમાનતા
ભાષા કે બોલીને આધારે સમાનતા	લિંગ આધારિત સમાનતા
શિક્ષણ મેળવવામાં સમાનતા	વિચારોની અભિવ્યક્તિમાં સમાનતા

કોઈ એક સ્થળે પહોંચવાની હરીફાઈ રાખવામાં આવે. આ સમયે એક ખેલાડીને સાઈકલ, બીજાને મોટરસાઈકલ અને ત્રીજી વ્યક્તિને દોડતા પહોંચવાનું હોય, તો એ સમાનતા ન કહી શકાય. આ માટે ત્રણેયને સાઈકલ, મોટરસાઈકલ કે દોડતાં રાખવામાં આવે તો જ સૌને સમાન અવસર મળ્યો કહેવાય. એવું થાય તો જ સૌને સમાન તક આપવામાં આવી કહેવાય. આપેલ ચિત્રમાં જુઓ અને સમાનતા અંગે ચર્ચા કરો :

આપ સૌ સરળતાથી સમાનતા અંગે સમજી શક્યાં હશો. અહીં સુવિધા પૂરી પાડવી એની સાથે એનો યોગ્ય રીતે અમલ કરી શકાય તો જ સમાનતા પ્રાપ્ત થાય. આમ જોવા જઈએ તો સમાનતા એટલે સૌને માટે સરખું. સૌને સમાન તક. ભણવા, વિકસવા, ધંધા-રોજગાર કે વિવિધ ધર્મમાં માનનાર સૌ માટે ભારત દેશના બંધારણમાં આપેલ સમાનતાનો અધિકાર મહત્ત્વનો થઈ પડે છે.


આપણા વિકાસ સાથે, સૌના સર્વાંગીણ વિકાસ દ્વારા દેશના વિકાસ માટે આપવામાં આવેલ સમાનતાનો અધિકાર ખૂબ મહત્ત્વનો છે અને આપણા સ્વમાનને જાળવી રાખવા માટે પણ સમાનતાનો અધિકાર જરૂરી છે.



સમાનતા અને ન્યાય

મતાધિકારમાં સમાનતા

આપણે જોયું કે બંધારણમાં સૌને વિવિધ પ્રકારની સમાનતા આપવામાં આવી છે. 'લોકોનું, લોકો વડે અને લોકો માટે ચાલતું શાસન એટલે લોકશાહી.' લોકશાહી સરકારની રચના લોકોના મતદાન વડે થાય છે. લોકશાહીના સૌથી નાના એકમ ગ્રામપંચાયતથી શરૂ થઈ દેશની સૌથી મોટી પંચાયત એટલે સંસદની ચૂંટણી મતદાન દ્વારા થાય છે. 18 વર્ષથી મોટી ઉંમરના દરેક નાગરિકને મતાધિકાર આપવામાં આવ્યો છે. મતદારયાદીમાં નોંધાયેલ કોઈ પણ નાગરિક મતદાન કરી શકે છે.



મતદાન

ધર્મ, ભાષા, લિંગ, બોલી કે આર્થિક વિવિધતાઓ વચ્ચે સૌને બંધારણમાં સમાનતા આપવામાં આવેલ છે. દરેકને મતદાન કરવાનો અધિકાર છે. અહીં મતદાન કરવાના અધિકાર અંગે રોચક વિગતો પણ સામે આવે છે. કોઈ ધાક, ધમકી, દાદાગીરી કે ડરને આધીન મતદાન ન કરે તે માટે મતદારને જાગ્રત કરવામાં આવે છે. મતનું મહત્ત્વ સમજાવવા અને કોઈ પણ પ્રકારના ડર વગર મતદાન થાય એ માટે ચૂંટણીપંચ વ્યવસ્થા કરે છે. ચૂંટણીના સમયે વધુમાં વધુ લોકો મતદાન કરી શકે તે માટે ખાસ પ્રયત્નો કરવામાં આવે છે. જાહેરાત અને વિશેષ વ્યવસ્થા થકી મતદારોને જાગ્રત કરાવવામાં આવે છે. ચૂંટણીપંચ તટસ્થ રીતે ચૂંટણી કરાવે છે. ભારત દેશમાં નોંધાયેલ સૌ મતદારો મતદાન કરી શકે તે માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવે છે. મહિલાઓ માટે વિશેષ મતદાન મથકો છે. દિવ્યાંગ વ્યક્તિઓ માટે વિશેષ સુવિધા કરવામાં આવે છે.


બાળમજૂરી

સમાનતા અંગે બંધારણમાં કેટલીક બાબતે ચોક્કસ માર્ગદર્શન આપવામાં આવ્યું છે. આમ છતાં કેટલીક વખત અસમાનતા જોવા મળે છે. આવી અસમાનતામાં બાળમજૂરી મુખ્ય છે. બાળમજૂરી શિક્ષણ મેળવવાના અધિકારનો ભંગ ગણાય છે. આપણા દેશના સૌ નાગરિકોને છ થી ચૌદ વર્ષ સુધી મફત, ફરજિયાત અને સાર્વત્રિક ભણવાનો અધિકાર છે. આ અધિકાર સમાન રીતે આપવામાં આવેલ છે. આધુનિક સમયમાં ઉચ્ચશિક્ષણમાં દીકરીઓને ન ભણાવવાનું વલણ ક્યાંક-ક્યાંક જોવા મળે છે. બાળકોને શાળામાં ભણવાનું છે તે ઉંમરે તેઓ મજૂરી કરે તો તે એક પ્રકારનો ગુનો બને છે. ચૌદ વર્ષ કરતાં નાની ઉંમરના બાળકને મજૂરીએ રાખવું એ કાયદાનો ભંગ થયો કહેવાય છે.

શ્રમ અને મહેનતાણું

એક જ સરખા કામમાં પુરુષ અને મહિલાને મજૂરી ચૂકવવામાં ભેદભાવ રાખવામાં આવે છે. ઓછી મજૂરી આપવી પડે તે માટે કોઈક જગ્યાએ બાળમજૂર પણ રાખવામાં આવે છે. કેટલાંક કામ દિવ્યાંગ વ્યક્તિઓ જોડે કરાવવામાં આવે છે. તેમને આ કામનું મહેનતાણું ખૂબ ઓછું આપવામાં આવે છે. લોકશાહીમાં દિવ્યાંગ વ્યક્તિઓનું શોષણ ન થાય તે માટે તેઓને તાલીમ આપી પગભર કરવા માટે સરકાર દ્વારા અનેક યોજનાઓ અમલી કરાવવામાં આવે છે. આપણી આસપાસ આવા દિવ્યાંગ વ્યક્તિ હોય તો તેને સહકાર આપવાની આપણી ફરજ થઈ પડે છે. દિવ્યાંગો, સ્ત્રી અને નાનાં બાળકોને ઓછું મહેનતાણું ચૂકવવામાં આવે છે. આ અન્યાય છે.

લોકશાહીમાં સમાનતા



ગ્રામસભા–સમાનતાની જાગૃતિ

લોકશાહી દેશમાં સમાનતાને ખૂબ જ મહત્ત્વ આપવામાં આવે છે. અહીં સમાનતાનો અધિકાર આપવો એ સૌ માટે જરૂરી છે. આપણે કોઈને સન્માન આપીએ તો કોઈ આપણને સન્માન આપે. આ જ રીતે બંધારણમાં પણ સમાનતાનું મહત્ત્વ સ્વીકારવામાં આવ્યું છે. કેટલાંક અવલોકનોને આધારે જ્યારે દયાભાવ જોવામાં આવે ત્યારે સમજવું કે સામેવાળી વ્યક્તિને સમાન અધિકાર મળ્યો નથી. આવી અનેક બાબતોને સમજવા આપણે જાતે શું કરી શકીએ તે અંગે વિચારવું જરૂરી છે. તો જ જ્યાં-જ્યાં સમાનતા નથી ત્યાં-ત્યાં આપણે પ્રયત્ન કરી શકીએ ? હું કશું ન કરી શકું એવો વિચાર ન કરવો જોઈએ. આ માટે પહેલ કરવી જરૂરી છે. સ્વચ્છતા આપણે જ રાખીએ તો જ કોઈને સ્વચ્છતા માટે કહી શકાય. એવું જ સમાનતા માટે છે. અહીં કેટલીક વિગત આપવામાં આવી છે. આ વિગતને આધારે આપ સમાનતા અંગે શું કરી શકો ? તે અંગેની નોંધ કરો.

ક્રમ	વિગત	આપણે શું કરી શકીએ ?
(1)	મહિલાને ઓછી મજૂરી આપે તો ?	
(2)	વ્યક્તિનું આર્થિક શોષણ થાય તો ?	
(3)	બાળમજૂર જોવા મળે તો ?	
(4)	દિવ્યાંગ માટેની બસની સીટ ઉપર અન્ય બેઠું હોય તો ?	

અસમાનતા એક પડકાર

નાનું ગામ.

ગામમાં પાણીના બે જ કૂવા.

અહીં આખું ગામ બે ભાગમાં પાણી ભરે. સમય પસાર થતો ગયો. ગામના એક કૂવામાં પાણી ખલાસ થઈ ગયું. હવે અડધા ગામના લોકોને પાણી ભરવાની અગવડ પડતી હતી. કૂવામાંથી પાણી ખલાસ થઈ જશે એ ડર હોઈ એક વિસ્તારના લોકોને બીજા વિસ્તારમાં કોઈ પાણી ભરવા દેતું ન હતું. આ તો અસમાનતા કહેવાય. સમાનતાનો ભંગ થાય તેવા એકાદ બનાવથી સામાજિક સમરસતા પર વિઘાતક અસર જોવા મળે છે. જેમકે કેટલીક વખત ગામના કે

વ્યક્તિગત પ્રસંગોએ વરઘોડો કાઢવા, મંદિર કે મસ્જિદના લાઉડ સ્પીકર વગાડવાથી વિવાદ જોવા કે સાંભળવા મળે છે. આવી બાબતો સમાનતા સામે પડકાર છે. આવા પ્રસંગે આપણે શાંતિ જળવાય તેવા પ્રયત્નો કરી સમાનતાના ભાવ સાથે વર્તન કરવું જોઈએ. સમાજમાં સમરસતા જળવાઈ રહે તે માટે સરકારશ્રી દ્વારા ખૂબ જ પ્રયત્નો કરવામાં આવે છે. દરેક સમાજને અને દરેક વ્યક્તિને, સમાનતાનો અધિકાર બંધારણે આપ્યો છે. આપણે આપણા અધિકારનો ઉપયોગ કરી શકીએ એ માટે જાગ્રત થવું જ પડશે.

સ્વાધ્યાય

Q5B9C2

1. ખાલી જગ્યા પૂરો :

(1) વિશ્વની સૌથી મોટી લોકશાહી ધરાવતો દેશ ..... છે.

(2) દેશનું સંચાલન કરવા માટેની માર્ગદર્શિકા ..... કહેવાય.

(3) ભારતનું બંધારણ વિશ્વનું ..... બંધારણ છે.

2. ટૂંકમાં ઉત્તર આપો :

(1) લોકશાહી કોને કહેવાય છે ?

(2) આપણને કઈ બાબતોમાં સમાનતાનો અધિકાર આપેલ છે ?

(3) વ્યક્તિના સર્વાંગીણ વિકાસ માટે કઈ બાબત જરૂરી છે ?

3. એક-બે વાક્યોમાં ઉત્તર આપો :

(1) મતાધિકાર કોને મળે છે ?

(2) ચૂંટણીપંચ શી કામગીરી કરે છે ?

(3) બાળમજૂરી શા માટે અટકાવવી જોઈએ ?

4. ટૂંક નોંધ લખો :

(1) લોકશાહીમાં સમાનતા

(2) મતાધિકારમાં સમાનતા

(3) બાળમજૂરી અને બાળઅધિકાર